ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૩/૨૧-૨૨/ ૯૬૬ તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અશોકભાઈ રણછોડભાઈ સેંતા,**
**ભાણવડ રોડ, હનુમંત કોલ્ડ સ્ટોરેજ,**
**મું.નેસવડ,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

**કેસ નં.૫૩/૨૧-૨૨**

**મો.નં-૯૪૨૮૫ ૫૩૯૫૨.**

**વિષય : અમારી માલીકી ના રસ્તા ઉપરથી પસાર થતી અન્યના સર્વિસ વાયર ને દૂર કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૨/૧૦/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૫/૧૦/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૧-૨૨/૩૦૦૩ તા.૦૭/૧૦/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૧-૨૨/૧૩૦ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૩/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી અશોકભાઈ રણછોડભાઈ સેંતા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી અશોકભાઈ રણછોડભાઈ સેંતા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ.**
**શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અશોકભાઈ રણછોડભાઈ સેંતા, મું.નેસવડ, તા.મહુવા, જી.ભાવનગર ની અમારી માલીકીના રસ્તા ઉપરથી પસાર થતી અન્યના સર્વિસ વાયર ને દૂર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૧–૨૨/૩૦૦૩ તા.૦૭/૧૦/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૯/૦૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી અશોકભાઈ રણછોડભાઈ સેંતા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના નેસવડ ગામે હનુમંત કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નં–૩૭૦૦૬/૦૬૬૨૩/૯ થી ૯૮ કિ.વો નું વિજ જોડાણ ધરાવે છે. એમનો પોતાનો પ્રાઈવેટ રસ્તાનો દસ્તાવેજ છે. એમના પોતાનો કોલ્ડ સ્ટોરેજ માટે નાના મોટા ભારે વાહનો ની અવર જવર રહે છે. એમના પ્રાઈવેટ રસ્તાનો બાજુમાં ઔધોગીક હેતુ ના ૧૧(અગિયાર) પ્લોટ અન્ય ની માલીકી ના છે. પડતર જગ્યા છે. સાર્વજનીક જગ્યા છે. છતાં, એમની મંજૂરી વગર બિન કાયદેસર દાદાગીરી કરીને બળજબરી થી એમના રસ્તા ઉપર થી બે અલગ અલગ સર્વિસ વાયર એમને નડતર થાય તે પ્રમાણે પ્રસાર કરેલ છે. અમારી વિજ કચેરી મહુવા રૂરલ–૧ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ ગ્રામ્ય વિભાગ–૧ કચેરી એ જુ.એ.ડી.સી.માવાવાલા ને જણાવેલ કે, રસ્તો એમની માલીકી નો છે. મંજૂરી વગર બે અલગ અલગ રસ્તા ઉપર સર્વિસ વાયર પસાર કરેલ છે. બાજુમાં ૧૧ પ્લોટ છે. તેની જગ્યામાં તેના રસ્તા ઉપર અલગ અલગ ટી.સી. લગાડી વિજ કનેકશન આપવા જોઈએ. કચેરી તરફથી જણાવેલ કે, અમારી એલ.ટી.લાઈન છે. અમને નજીક પડે તેમાંથી આપવાનું હોય છે. અરજદાર દ્વારા જણાવેલ કે, તેઓ જીલ્લા કલેકટર સાહેબ ને ફરીયાદ કરશે છતાં, માને નહી. જણાવેલ કે, તમારે જયાં ફરીયાદ કરવી હોય ત્યાં કરો. અવાર નવાર કોર્ટ દ્વારા ચુકાદા આવે છે. માલીકીની જગ્યામાં પોલ લાઈન સર્વિસ વાયર મંજૂરી વગર લગાડવાની. અરજદાર ના કોલ્ડ સ્ટોરેજ માં નાના મોટા ભારે વાહન ની અવર જવર રહેતી હોય, ભવિષ્યમાં અકસ્માત થાય તો, જવાબદારી કોની રહેશે. જેના વિજ કનેકશન છે ત્યાં જગ્યા પણ છે. ત્યાં અલગ લાઈન પોલ તેના રસ્તા પાસે લાઈન પોલ લગાડી કનેકશન લગાડવામાં હુકમ કરવા વિનંતી છે. એમના રસ્તા ઉપરથી સર્વિસ વાયર દૂર કરાવવા હુકમ કરવા વિનંતી છે. સાથે આધાર પુરાવા જોડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ **સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી એ શ્રી** સેંતા અશોકભાઈ રણછોડભાઈ, ગામ–નેસવડ ની માલિકીના રસ્તા ઉપર થી પસાર થતી અન્ય ના સર્વિસ વાયર ને દૂર કરવા બાબત ની રજૂઆત મળેલ.

જેના અનુસંધાને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગીય –૧ કચેરી દ્વારા સન–૨૦૧૮ માં સદર રજૂઆતકર્તા નું હનુમંત કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નં–૩૭૦૦૬૦૬૬૨૩૯ થી ૯૮ કિ.વો નું ઔધોગીક હેતુ માટેનું વિજ જોડાણ ભારે દબાણ ની વિજ લાઈન તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરી આપવામાં આવેલ હતું ત્યારબાદ, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી એ સાંઈ એગ્રી ઈન્ડસ્ટ્રીઝ તથા અલ્પેશ મધુભાઈ કવા નામનું ઔધોગીક હેતુ માટે ના વિજ જોડાણ ની માંગણી અનુક્રમે તા.૨૦/૭/૨૦૨૧,૨૧-૦૮-૨૦૨૧ ના રોજ ૯૯ કિ.વો માટે તથા તા.૧૦/૮/૨૦૨૧ ના રોજ ૧૦ કિ.વો માટે માંગણી કરેલ. જેના અનુસંધાને સદર બંને અરજદારો ને તેમના વિજ જોડાણ ની માંગણી મૂકેલ સ્થળ ની નજીકમાંથી નીકળતા અને હનુમંત કોલ્ડ સ્ટોરેજ ના વિજ જોડાણ માટે ઉભી કરવામાં આવેલ. પીજીવીસીએલ કંપની ની ભારે દબાણ ની વિજ લાઈન માંથી '' ડી'' કેટેગરી ના સર્વે કરી નિયમાનુસાર કાર્યવાહી કરી અંદાજપત્રો આપવામાં આવેલ અને સદર અંદાજપત્રોની રકમ ભરપાઈ થયા બાદ સદર બંને વિજ જોડાણોની વિજ લાઈન તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભા કરી વિજ જોડાણ આપવામાં આવેલ. વધુમાં જણાવવાનું કે, સદર બંને વિજ જોડાણમાં રોડ ક્રોસીંગ હોવાથી, સલામતી ના હેતુ માટે ૧૧ કે.વી. ઓવરહેડ એચ.ટી.એરીયલ બંધ કેબલ નો ઉપયોગ કરેલ તેમજ જમીનથી તેની ઉંચાઈ આશરે ૬.૨ મીટર જેટલી છે. આમ, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા અલ્પેશ મધુભાઈ કવા તથા સાંઈ એગ્રી ઈન્ડસ્ટ્રીઝ નામનું ઔધોગીક હેતુ માટેના વિજ જોડાણ ને નિયમાનુસાર વિજ જોડાણ આપવામાં આવેલ છે.

P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા જણાવેલ છે કે, રસ્તાની માલીકી તેઓની છે. પરંતુ, તેઓએ રજૂ કરેલ દસ્તાવેજ નં–૪૮૦૩/૫/૨૨/૨૦૧૯ મુજબ ના પાના નં–૪ મુજબ, '' સદર જમીન કે જેનો રે.સ.નં–૮ પૈકી છે, જેની માલીકી ગીરધરભાઈ નથુભાઈ જોષી ની છે અને શ્રી સેંતા અશોકભાઈ રણછોડભાઈ વિગેરે એ ખરીદ કરેલ પ્લોટોમાં વાહનો લઈને જવા–આવવાનો કાયમી હકક રહેશે તેમ જણાવેલ છે.'' આથી, અરજદાર શ્રી સેંતા અશોકભાઈ રણછોડભાઈ દ્વારા કરવામાં આવેલ રસ્તાની માલીકી ના કરેલ હકક/દાવો સાબિત થતો નથી.

૩.૨ આમ, અરજદાર શ્રી સેંતા અશોકભાઈ રણછોડભાઈ દ્વારા કરવામાં આવેલ રસ્તાની માલીકી ના કરેલ હકક/દાવો સાબિત થતો ન હોવાથી, જી.ઈ.આર.સી. નોટીફીકેશન નં–૨/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩,(૩)(સી) (ફરિયાદીને કોઈ પ્રથમ દર્શનીય ખોટ કે નુકશાન કે અગવડ પડી ન હોઈ) અન્વયે, અરજદાર શ્રી સેંતા અશોકભાઈ રણછોડભાઈ દ્વારા કરવામાં આવેલ રજૂઆત/ફરીયાદ રદ કરવામાં આવે છે. તથા સદર બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મહેતા) | ગેરહાજર<br>(એ.એ.જાડેજા) | (એન.સી.મકવાણા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૨૯/૦૧/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar